ગુજરાતમિત્ર
ભવિષ્ય દર્પણ

# જેને આદિલ જિંદગીભર સાચવી રાખ્યો હતો આખરે જોયું તો તે સિક્કો ય ખોટો નિકળ્યો!

## મિથુન (ક.છ.ઘ.)



**માનસિક સ્થિતિ :**

**સાહેબ,**

**આ વરસના આપના ગ્રહમાન પ્રમાણે આપને એક નમ્ર વિનંતિ કરવાની કે તમે પાછલા કેટલાક વરસોથી શરૂ કરીને આજ સુધી જેટલા સિક્કાઓ સાચવી રાખ્યા હોય તે બધાને ફરીથી એકવાર ચેક કરી લેજો કે એ બધામાંથી સાચા કેટલા છે અને ખોટા કેટલા છે.**

**જો કે છેલ્લા કેટલાક સમયથી આપને એવો અનુભવ થયો હશે કે તમે સાચવેલા સિક્કાઓમાંથી કેટલાક ખોટા નીકળ્યા હોય અને તમારી ટ્રેજેડી તો એ છે કે તમને જે સિક્કા પર સૌથી વધારે વિશ્વાસ હતો અથવા જે સિક્કાને તમે ચોવીસ કેરેટ સોનાનો સિક્કો સમજતા હતા તેજ સિક્કો આખરે પિત્તળનો નીકળ્યો!**

**આ બધું તો ઠીક છે. પરંતુ હજી પણ તમે તમારા સ્વભાવ પ્રમાણે જે સિક્કાઓ સાચવી રાખ્યા છે અને તમને વિશ્વાસ છે કે એ સિક્કાઓ સાચા છે અને તમને તકલીફમાં જરૂર પડે ત્યારે એનો ગમે ત્યારે ઉપયોગ કરી શકો છો, પણ મિત્રો શક્ય છે કે એમાંના પણ કેટલાક સિક્કા ખોટા નીકળે.**

**હવે એ સમય આવી ગયો છે કે તમારે તમારા ઘરનાં, ઓફિસના, સમાજના, મિત્રમંડળના, આડોસી પાડોશીના કે પબ્લીકમાંથી જે કોઇ સિક્કાઓ સાચવી રાખ્યા હોય તેને ફરીથી એકવાર ચેક કરી લેજો કે એ બધામાંથી કેટલા સાચા છે અને કેટલા ખોટા છે. કારણ કે પછી ભવિષ્યમાં એવું નહીં બનવું જોઇએ કે તમે ખોટા વિશ્વાસમાં રહી જાવ અને જરૂર પડે ત્યારે એ સિક્કાઓ ખોટા નીકળે એટલે કામ જ નહીં લાગે.**

**હવે અહીંથી તમારી વારતા શરૂ થાય છે**

**મિત્રો, આ વરસના આપના ગ્રહમાન પ્રમાણે હજી તમે સાચવેલા હોય તેમાંથી કેટલાક સિક્કા ખોટા નીકળશે. તમને ખોટું લાગે તો મને માફ કરજો. પરંતુ આમાં સૌ એ સો ટકા ભૂલ તમારી જ છે. તમને ખબર હોય કે આ સિક્કો ખોટો છે છતાં આપણે એને સાચવીએ છીએ! સાહેબ, એક વાત યાદ રાખો કે ખોટા સિક્કા ખખડે વધારે છે. જ્યારે સાચા સિક્કાનો તો 'રણકાર' જ અલગ હોય છે. આવા સિક્કાનો રણકાર શબ્દોમાં કહી શકાતો નથી પરંતુ એનો અનુભવ જ કરવો પડે છે. હવે તમારે જો ભવિષ્યમાં વધારે દુ:ખી થવું હોય તો ખોટા સિક્કા સાચવજો.**

**પછી શિષ્યએ પૂછયું : હે ગુરૂજી ખોટા સિક્કા સાચવનારાને માટે આપની શું સલાહ છે?**

**ગુરુજીએ કહ્યું : - એકવાર યુધિષ્ઠિરે આજ સવાલ ભગવાન શ્રી કૃષ્ણને કર્યો હતો. ત્યારે ભગવાને જવાબ આપ્યો હતો કે 'જે માણસ જિંદગીમાં એકવાર કરેલી ભૂલ ફરીથી બીજીવાર રિપીટ કરે છે તે મહામૂર્ખ છે.'**

### આર્થિક - નાણાકિય

નાણાંકિય દૃષ્ટિએ નવા વરસમાં આપને માટે શરૂઆતના છ મહિનાનો સમય સારો છે. માર્ચ મહિના સુધી આપની ચાલુ આવક જળવાય રહેશે અને એમાં વધારો પણ થાય આ સમય આવકની દૃષ્ટિએ સંતોષકારક રહેશે.

પરંતુ એપ્રિલ મહિનાથી વરસના અંત સુધી આપની આવક સ્થિર રહેશે નહીં. થોડા સમય માટે આવક સંતોષકારક રહેશે. તો વળી થોડો સમય એમાં ઘટાડો થાય અને આવક ઓછી થાય. બીજું, **એપ્રિલ મહિનાથી વરસના બાકીના સમય માટે કેટલાક જરૂરી તેમજ કેટલાક બિન જરૂરી અનિવાર્ય ખરચાઓ આવે આને લીધે પણ તમારું નાણાંકિય આયોજન ખોરવાય જાય.** બચત થવાની વાત તો દૂર રહી જાય. ઉપરથી પૈસાની ખેંચ ઊભી થાય. એવું બને માટે માર્ચ સુધીમાં જ આખા વરસના ખરચાની વ્યવસ્થા કરી લેવી.

### ધંધો વ્યવસાય નોકરી

ધંધા વ્યવસાયને માટે આ વરસનો સમય મધ્યમ છે. શરૂઆતના ત્રણ ચાર મહિના આપનું કામકાજ સંતોષકારક ચાલશે. શક્ય છે કે આ સમય દરમ્યાન ધંધામાં નવું રોકાણ કરવાનું કે ડેવલપમેન્ટ એક્સ્પાન્શન કરવાનું તમે આયોજન કરો **તો આ કામમાં લાંબો વિચાર કરીને આયોજન કરવું જરૂરી છે. કારણ કે વરસના ઉત્તરાર્ધમાં આપના ધંધામાં કેટલાક પ્રોબ્લેમ આવે અને ટેન્શન થાય.** આપના ચાલુ ધંધામાં અડચણો આવે. વિઘ્નો આવે તેથી ધંધો ઓછો થઇ જાય. આવક ઓછી થઇ જાય અને મની ક્રાઇસીસનો સામનો કરવો પડે. આપના કામકાજમાં વિલંબ થાય તેમજ આપનાથી **કેટલાક ખોટા નિર્ણયો લેવાય જાય એટલે ટેન્શન વધે. ભાગીદારીમાં ધંધો હોય તો ભાગીદારો સાથે મતભેદ થાય.**

નોકરીવાળાને માટે પણ સમય મધ્યમ છે. **નોકરીમાં તમને કોઇક રીતે અન્યાય થવાની શકયતા છે.** ઇન્ક્રીમેન્ટ સમયસર મળશે પરંતુ પ્રમોશનની બાબતમાં વિલંબ થાય. નોકરીમાં કેટલાક વિઘ્ન સંતોષી માણસો મળે. મેનેજમેન્ટ સાથે કે ઉપરી અધિકારી સાથે મતભેદ થઇ શકે. **તમારી ઇચ્છા પ્રમાણે સ્થળાંતર નહીં થાય.**

### જમીન - મકાન પ્રોપર્ટી:

બની શકે તો આ વરસ દરમ્યાન પ્રોપર્ટીના કામમાં હાથ નાંખવો નહીં. નવી પ્રોપર્ટીમાં રોકાણ કરવાની ઉતાવળ કરવી નહીં. કારણ કે આ કામમાં કેટલીક અડચણો અને વિઘ્નો આવવાની શક્યતા છે. **એટલું જ નહીં પણ આ કામમાં આપની સાથે વિશ્વાસઘાત થવાની શકયતા છે.** જુની પ્રોપર્ટી વેચવી હોય તો આપની અપેક્ષા પ્રમાણે ભાવ નહીં આવે. બાપ-દાદાની પ્રોપર્ટીમાંથી કંઇ મળવાનું હોય તો તેમા મન મોટું રાખીને થોડું લેટ-ગો કરવું પડે.

### લગ્ન અને દાંમ્પત્યજીવન:

જેમને આ વરસમાં લગ્ન કરવાની ઇચ્છા હોય તેમને આ કામમાં વિલંબ થવાની શકયતા છે. જો કરવા જ હોય તો તમારે કોઇ કોમ્પ્રોમાઇઝ બાંધછોડ કરવી પડે. **એકવાર નક્કી થયા પછી સંબંધ કેન્સલ કરવો પડે એવું કરવું નહીં. લવમેરેજ કરવાની ઇચ્છા હોય તો લવ ચાલુ રાખવો મેરેજની કોઇ ગેરંટી નહીં.**

દાંમ્પત્ય જીવનમાં આમ તો કશું સિરિયસ છે નહીં. પરંતુ કંઇક સિરિયસ થઇ જાય એવું કશું તમારે કરવું નહીં. જો કે આપને લગ્ન જીવનમાં થોડો અસંતોષ અને કેટલીક ફરિયાદ રહેશે.

તમારા પાર્ટનરને પણ તમારા માટે ફરિયાદ રહેશે. **આમાંથી બહાર નીકળવાનો કોઇજ રસ્તો દેખાતો નહીં હોય ત્યારે તમારે સરેન્ડર થઇ જવું! આ વરસમાં તમારા પાર્ટનરની સેવા કરવાની તમને અવાર નવાર તક મળશે.** લગ્ન જીવન સંતોષકારક અને ટેન્શન વગરનું રાખવું હોય તો તમારા પાર્ટનરને ખુશ રાખવા એજ શ્રેષ્ઠ ઉપાય છે.

### સંતાન

સંતાનની બાબતમાં એકંદરે સમય બહુ સારો નથી. તેમજ ખરાબ પણ નથી જેમને સંતાન પ્રાપ્તિની ઇચ્છા હોય તેમને આ કામમાં વિલંબ થાય. જેમના સંતાનો મોટા છે તેમને સંતાનોના કેટલાક પ્રશ્નોનું સુખદ નિરાકરણ આવી જાય. કેટલાક પ્રશ્નોમાં વિલંબ થાય. કેટલાક પ્રશ્નો લટકતા રાખવા પડે. **સંતાનોની અમૂક જીદ તમારી અનિચ્છાએ પણ પૂરી કરવી પડે. તમારા પર સંતાનોનો કન્ટ્રોલ નહીં આવી જાય તેનું ધ્યાન રાખવું.**

### અભ્યાસ:

વિદ્યાર્થી મિત્રો, અભ્યાસની બાબતમાં આ વરસમાં એવું બને કે તમે આળસું થઇ જાવ. **અભ્યાસ સિવાયની બીજી પ્રવૃતિઓમાં આપનો સમય વધારે બગડે એટલે અભ્યાસમાં ઓછું ધ્યાન આપો.** આવું થાય તો તમારો અભ્યાસ બગડે અને તમારી અપેક્ષા કરતા પરિણામ ઓછું આવે **જો આ વાત તમે સમજતા હોવ તો અભ્યાસમાં તમારે સિરિયસ થવું જ પડે.** બારમાં ધોરણ પછી કે ગ્રેજયુએટ પછીના આગળના અભ્યાસ માટે એડમિશનમાં વિલંબ થાય.

### પ્રવાસ

પ્રવાસની બાબતમાં આ વરસનો સમય મધ્યમ છે. એક લાંબી મુસાફરી થાય, દેવ દર્શનને માટે એક મુસાફરી થાય, એક મુસાફરી કેન્સલ થાય, સામાજિક કામને માટે એક મુસાફરી આકસ્મિક થાય. મુસાફરીમાં પૈસા તેમજ આપનો કિંમતી સામાન સંભાળીને રાખવો. નુકશાન થવાની શકયતા છે. **તમને મુસાફરી નો બહુ શોખ હોય તો એના પર આ વરસમાં કન્ટ્રોલ રાખવો પડે કારણ સંજોગો જ અનુકૂળ નહીં હોય.**

### મિત્ર શત્રુ

આ વરસમાં આપના મિત્રો ઓછા થઇ જાય. હવે કેવી રીતે ઓછા થઇ જાય છે એ તમારા મિત્રોના ગ્રહમાન પર આધાર રાખે છે. કેટલાક ટેમ્પરરી ઓછા થઇ જાય તો કેટલાક પરમેનન્ટ ઓછા થાય. શત્રુની બાબતમાં તો એવું છે ને કે તમે તમારા મગજ પર અને તમારા ગુસ્સા પર કેટલો કન્ટ્રોલ રાખો છે. તેના પર બધો આધાર છે. **તમારો કોઇ શત્રુ નાનો (નબળો) હોય તો એને થોડો મોટો (બળવાન) થવા દેવો. પછી એને ઠેકાણે પાડવો. એટલે તમારી હેસિયતની પણ કસોટી થઇ જાય!**

### કોર્ટ કચેરી

કોર્ટ કચેરી કે બીજા કોઇપણ ગવર્નમેન્ટ ડિપાર્ટમેન્ટ તરફથી આ વરસમાં ખાસ કોઇ વધારાનું ટેન્શન થાય એવું નથી. જો કોર્ટમાં કે કોઇ બીજા સરકારી ખાતામાં તમારા કેસ ચાલુ હોય તો તે પૂરો થવામાં વિલંબ થાય. વરસમાં બે વાર ટ્રાફિક પોલીસવાળાને ચાંલ્લો કરવો પડે. ઇન્કમટેક્ષ એકસાઇઝના કામમાં ડિફોલ્ટર થવું નહીં. **કોઇ ગેરકાયદેસર કામ કરવાની ઇચ્છા થાય પણ હિંમત થાય નહીં.**

### તંદુરસ્તી

તબિયતની બાબતમાં આપને આ વરસમાં નાની નાની ફરિયાદ રહેશે.શારીરિક કરતા માનસિક અસ્વસ્થતા વધારે રહેશે. એક વખત લાંબી માંદગી આવે. સાત દિવસ આરામ કરવો પડે. **તમારા લાઇફ પાર્ટનરની તબિયત માટે પણ આપને ટેન્શન રહેશે. આપના કુટુંબના કોઇ વડીલબંધુ કે કોઇ નજીકના સગા સંબંધીની તબિયત એકાએક ડાઉન થઇ જાય. પણ એ હવે વધારે દુ:ખી થાય એવું લાગતું નથી?**